

ટીવી અને મોબાઈલના વળગણો બાળકોને તેમના બાળપણથી દૂર કરી દીધા છે. સાતતાળી, આંધળી ખીસકોલી,ગીલ્લી-દંડો, સાતોલ્યુ જેવી પરંપરાગત રમતો ક્યાંય વિસરાઈ ગઈ છે. બાળકોને શારીરિક અને મનસિક રીતે સક્ષમ બનાવતી આ રમતોનુ સ્થાન આંખો અને મગજ બગાડતી મોબાઈલ ગેમે લઈ લીધુ છે. જો કે હજુ ક્યાંય ક્યાંય આ પરંપરાગત રમતોના અંશો જોવા મળી જાય છે. સેક્ટર-૨૩માં સરકારી મકાનો પાસે સાતોલ્યુ રમતા બાળકોને આવતા જતા ઘણા મોટેરાંઓને પોતાના બાળપણ યાદ અપાવી દીધા..!

# રવિ સિઝનના વાવેતરમાં વેગ આવ્યો

## જિલ્લામાં ૯૯૮૮ હેક્ટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થયુ : કપાસનો પાક ઉભો હોવાથી વિલંબમાં પડેલુ રવિ સિઝનનું વાવેતર

ગાંધીનગર, તા. ૨૩

જિલ્લામાં ઠંડીનો આરંભ થતાં જ રવિ સિઝનની વાવણીમાં વેગ આવ્યો છે. જિલ્લામાં આજ સુધીમાં ૯૯૮૮ હેક્ટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થયુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં રવિ સીઝનનુ વાવેતર થોડુક હજુ પણ વિલંબમાં પડી શકે છે. ખેડૂતોએ કપાસનો પાક કાઢવાની હજુ શરૂઆત કરી નથી. જો કે રવિ સીઝનમાં આ વખતે વાવેતર ૭૦ હજાર હેક્ટરને પણ પાર કરી શકે છે તેમ કેટલાક ખેડૂત આગેવાનોનુ માનવુ છે.

જિલ્લામાં રવિ સીઝનની વાવણીમાં ઘઉં, બટાટા, શાકભાજી, ઘાસચારો, તમાકુ, ચણા અને રાઈનું વાવેતર થયુ છે. જો કે આ વખતે અન્ય કોઈ પાકોનું વાવેતર થાય તેવી શક્યતાઓ ઓછી છે.

જિલ્લામાં જે વાવેતર થયુ છે તેમાં ઘઉંનું વાવેતર ૨૭૦૧ હેક્ટર, ચણાનું વાવેતર ૨૪૧ હેક્ટર, રાઈનું વાવેતર ૨૩૧ હેક્ટર, તમાકુનુ વાવેતર ૪૬૯ હેક્ટર, વરિયાળીનું વાવેતર ૪૮૦ હેક્ટર, બટાટાનું વાવેતર ૧૪૭૫ હેક્ટર ઉપરાંત શાકભાજીના પાકોનું વાવેતર ૧૧૦૧ હેક્ટર તેમજ ઘાસચારાનું વાવેતર ૩૨૮૯ હેક્ટર વિસ્તારમાં થયુ છે.

જિલ્લામાં પાછોતરો વરસાદ થતાં ખેડૂતોએ હજુ કપાસનો પાક ખેતરમાં ઉભો હોવાથી વાવણીમાં વિલંબ થવાની સંભાવનાઓ છે. જો કે રવિ સીઝનનુ વાવેતર વધશે તેમાં કોઈ શંકા નથી.

જિલ્લામાં તાલુકાવાર વાવેતર જોઈએ તો ગાંધીનગરમાં ૧૮૦૯ હેક્ટર, દહેગામમાં ૨૦૮૩ હેક્ટર, કલોલમાં ૧૭૫૨ હેક્ટર અને માણસામાં ૪૩૪૪ હેક્ટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થઈ ચુક્યુ છે.

જિલ્લામાં આ વખતે ચોમાસાની ઋતુ દરમ્યાન ત્રણ તાલુકામાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ સિઝનનો નોંધાયો છે જ્યારે ગાંધીનગર તાલુકામાં સિઝનનો વરસાદ ૯૬ ટકા જેટલો થયો છે જે નોંધનીય છે.

# વિકાસ કમિશનરની જિલ્લા વિકાસ અધિકારીઓને ચીમકી

## ગ્રામસભામાં રજુ થયેલા પ્રશ્નો ઉકેલો નહિ તો આગામી પગલાં માટે તૈયાર રહો

ગાંધીનગર, તા. ૨૩

જિલ્લાઓમાં ગ્રામસભા અભિયાન દરમ્યાન રજુ થયેલા પ્રશ્નોના ઉકેલ માટે ઝુંબેશ ચલાવો અથવા તો પછી આગામી પગલાંઓ અંગે તૈયાર રહો તેવી સ્પષ્ટ ચીમકી વિકાસ કમિશનર દ્વારા રાજ્યના તમામ જિલ્લા વિકાસ અધિકારીઓને પાઠવેલા એક પત્રમાં આપવામાં આવી છે.

આગામી વર્ષે આવી રહેલી પંચાયતોની ચૂંટણીને પગલે સરકારે ગ્રામીણ મતદારોને રિઝવવા માટેની આખી નીતિ તૈયાર કરી દીધી છે.

સરકારના અત્યંત વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગ્રામસભાના અત્યાર સુધીના ૩૬ તબક્કા સંપન્ન થયા છે અને ૧,૧૧,૦૦૦ થી વધુ પ્રશ્નો રજુ થયા હતા પરંતુ ૬૦ હજારથી વધુ પ્રશ્નો હજુ વણ ઉકલ્યા છે.

આ બાબતે સી.એમ. ડેશબોર્ડ પર બહાર આવતાં તેમણે પંચાયત વિભાગને આકરા વેણ કહ્યા હતા. આ પછી પંચાયત વિભાગ પણ હરકતમાં આવ્યો છે. તમામ જિલ્લા વિકાસ અધિકારીઓને આ માટે તાકીદ કરાઈ હતી પરંતુ પોર્ટલ પર તેના નિકાલની સ્થિતિ બતાવવામાં આવતી નથી.

વિકાસ કમિશનરે પણ આ બાબતને ગંભીરતાથી લીધી છે અને તેમણે તમામ જિલ્લા વિકાસ અધિકારીઓને સ્પષ્ટ ચીમકી આપી કામગીરી ઝડપથી સંપન્ન કરવામાં આવે નહિ તો આગામી કાર્યવાહી માટે તૈયાર રહો તેવી ચીમકી આપી છે.

પંચાયત વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ માસના અંત સુધીમાં સ્થિતિ સ્પષ્ટ નહિ થાય તો સરકાર દ્વારા આગામી મહિનાથી આકરા પગલાં લેવાના શરૂ થશે. જિલ્લાઓને ગ્રામસભામાં રજુ થયેલા પ્રશ્નોના નિકાલને લઈ જિલ્લાની સંકલન સમિતિમાં ખાસ ચર્ચા માટે સૂચનાઓ અપાયા પછી પણ પડતર પ્રશ્નોની સંખ્યા જોઈ સરકાર વધુ ગંભીર બની છે અને એટલે જ હવે કડક વલણ અખત્યાર કરવાનું મન બનાવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

# જિલ્લાનો પ્રદૂષણ નિયંત્રણ અને પર્યાવરણ જાળવણીનો એક્શન પ્લાન એક માસમાં તૈયાર થશે

## ઘન કચરાના નિકાલની કામગીરીમાં વેગ લાવવા માટે તંત્રના અધિકારીઓને કડક તાકીદ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાનો પ્રદૂષણ નિયંત્રણ અને પર્યાવરણ અંગેનો એક્શન પ્લાન એક માસમાં તૈયાર થઈ જશે.

તાજેતરમાં જિલ્લાના પ્રદૂષણ નિયંત્રણ અને પર્યાવરણ અંગેની એક ખાસ બેઠક જિલ્લા કલેક્ટર કુલદીપ આર્યના અધ્યક્ષપદે મળી હતી.

આ બેઠકમાં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટેની મંજૂરી તેમજ તેના રિન્યુઅલ ન કરાવ્યા હોય તો તાત્કાલિક તે માટેની કામગીરી હાથ પર લેવાની સૂચનાઓ આપવામાં આવી હતી.

આજ પ્રમાણે બાયો મેડિકલ વેસ્ટ અંગે પણ રજીસ્ટ્રેશન ના કરાવ્યુ હોય તો રજીસ્ટ્રેશન કરાવવા તેમજ રિન્યુ ના કરાવ્યા હોય તો તે રિન્યુ પણ કરાવી દેવા માટેની કડક સૂચનાઓ જિલ્લા કલેક્ટરે આપી હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ઘનકચરાના નિકાલ, પ્લાસ્ટીકના નિકાલ માટેની કામગીરી પણ ઝડપથી શરૂ કરવાની કડક સૂચનાઓ આપવામાં આવી હતી.

જિલ્લાનો પર્યાવરણ એક્શન પ્લાન ઝડપથી સ્થાનિક પરિસ્થિતિ મુજબ તૈયાર કરવા તેમજ તેમાં કઈ કઈ બાબતોની નિયમિત એન્ટ્રી કરવાની ટાસ્કફોર્સના અધિકારીઓને થાય છે તેની વિસ્તૃત સમજ આપતી એક સીડી પણ દરેક અધિકારીને આપવામાં આવી છે. જેથી ૧લી

● અનુસંધાન પાના - ૭ પર

# માર્ગો પર દોડતા વાહનોમાં ગતિ નિયંત્રણનો અભાવ માર્ગ સલામતી માટે જોખમી

## ટ્રાફિક સિગ્નલ શરૂ કરાયા બાદ અકસ્માત માટે જવાબદાર ક્રોસ રસ્તા બંધ કરાયા નથી

ગાંધીનગર તા ૨૩

શહેરમાં ટ્રાફિક નિયમનના મામલે પોલીસ તંત્રએ કડક કામગીરી હાથ ધરી છે. નગરના માર્ગો પર સી સી કેમેરાની વોચ સાથે નિયમનનો ભંગ કરતા વાહનચાલકો પાસેથી તંત્રએ ઈમેમાના આધારે દંડ વસુલવાનુ શરૂ કર્યુ છે. પરંતુ હજુ પણ નગરના માર્ગો પર બેફામ દોડતા વાહનો પર બ્રેક લાગી શકી નથી. શહેરના માર્ગો પર બેફામ દોડતા વાહનોને રોકવામાં ટ્રાફિક નિયમન અસરકારક પુરવાર થયુ નથી. શહેરમાં માર્ગ સલામતીના મામલે છેલ્લા બે દાયકાથી ગતિ નિયંત્રણનો મુદ્દો મુખ્ય બન્યો છે. જયારે માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી દરમિયાન પણ ગતિ નિયંત્રણની વાત કાને અથડાય છે. પરંતુ નગરના મુખ્યમાર્ગો પર હજુ સુધી બેફામ દોડતા વાહનોની ગતિ નિયંત્રિત કરી શકાઈ નથી જેના

● અનુસંધાન પાના - ૭ પર

# બટાટાના બિયારણમાં ૧૦૦થી ૧૫૦ રૂપિયાનો ભાવ વધારો

## બિયારણના ભાવમાં વૃદ્ધિ જોતાં વાવેતર વિસ્તારમાં ઘટાડો થવાની સંભાવના તો ઘઉં, ચણાના વાવેતર વિસ્તારમાં વધારો થવાની સંભાવના પણ છે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં આ વખતે રવિ સીજનની વાવણી જેમ જેમ આગળ વધી રહી છે ત્યારે બટાટાના બિયારણના ભાવમાં વધારો થતાં ખેડૂતો વાવણીના મુદ્દે અસમંજસની સ્થિતિમાં છે.



સીઝનના આરંભે બટાટાના બિયારણનો ભાવ રૂ. ૧૧૦૦ થી ૧૧૫૦ વચ્ચે હતો જે હાલ વધીને ૧૨૦૦ થી ૧૨૫૦ રૂ. સુધી પહોંચ્યો છે. ગત વર્ષે જિલ્લામાં બટાટાનુ વાવેતર ૮ હજાર હેક્ટર કરતાં વધુ નોંધાયુ હતુ. પરંતુ જે રીતે બિયારણના ભાવમાં વૃદ્ધિ થઈ રહી છે તે જોતાં બટાટાના વાવેતરમાં થોડો ઘણો ઘટાડો જોવા મળી શકે તેવી સંભાવનાઓ છે.

તો બીજી તરફ ખેડૂતોનું માનવુ છે કે આ વખતે પાછોતરો વરસાદ અને કમોસમી વરસાદને પગલે ઠંડીનો સમય ગાળો લંબાઈ શકે છે જેથી આ વખતે ઘઉંનુ વાવેતર કદાચ અગાઉના વર્ષો કરતાં વધુ થાય તેવી પણ સંભાવના છે. આ ઉપરાંત ચણા તેમજ તમાકુનુ વાવેતર પણ વધે તેવી સંભાવનાઓ ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. જે રીતે ઘઉં-ચણાના બજાર ભાવ હાલ ચાલી રહ્યા છે તે જોતાં આ બે પાકમાં વૃદ્ધિ થવાની સંભાવના વધુ રહેલી છે. ફેર રોપણીના પાક વરિયાળીના વાવેતર સરેરાશ જળવાઈ રહે તેવી સંભાવનાઓ વધુ છે. આ ઉપરાંત શાકભાજીના વર્તમાન ભાવને નજરમાં લેતા તેના વાવેતર વિસ્તારમાં પણ વૃદ્ધિ થઈ શકે છે ખાસ કરીને રીંગણ, ટામેટા અને વેલાવાળી શાકભાજીમાં વધારો થવાની સંભાવનાઓ છે.

**ગત વર્ષે જિલ્લામાં બટાટાનુ વાવેતર ૮ હજાર હેક્ટર કરતાં વધુ નોંધાયુ હતુ**

બેસણું

સખેદ જણાવવાનું કે અમારા પિતાશ્રી
બચુભાઈ શંકરભાઈ મકવાણા
(ગામ-તાજપુર) નું દુઃખદ અવસાન
તા.૨૧/૧૧/૨૦૧૯ના રોજ થયેલ છે.
સદ્‌ગતનું બેસણું તા.૨૪/૧૧/૨૦૧૯ને
રવિવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ સુધી
નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળઃ- ૧૧૨૮/૧, સેક્ટર-૩/ડી, ગાંધીનગર. M.9725441212

નરોત્તમ બચુભાઈ મકવાણા (પુત્ર) : ગં.સ્વ.પાર્વતીબેન બચુભાઈ મકવાણા (પત્ની)
દેવેન્દ્ર બચુભાઈ મકવાણા (પુત્ર) : લક્ષ્મીબેન નરોત્તમ મકવાણા (પુત્રવધુ)
યોગેશ બાબુલાલ લેઉવા (ભાણો) : જાગૃતિબેન દેવેન્દ્ર મકવાણા (પુત્રવધુ)
મહેશકુમાર પી. પરમાર (જમાઈ) : રંજનબાળા એમ. પરમાર (પુત્રી)
ઉપેન્દ્રકુમાર વી. ચૌહાણ (જમાઈ) : ભગવતીબેન યુ. ચૌહાણ (પુત્રી)
રજનીકાન્ત એસ.પરમાર (જમાઈ) : પ્રવિણાબેન આર. પરમાર (પુત્રી)
તથા સમસ્ત મકવાણા પરિવાર

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
N. C. Zaveri (શેરથાવાળા)
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧



મહેંદી રસમ - લગ્નના પ્રસંગે મહેંદી રસમનો મહિમા બદલાતા સમય સાથે વધતો જાય છે... ગાંધીનગર સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા રવિવારે યોજાનાર સમુહ લગ્નોત્સવની પૂર્વ સંધ્યાએ ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં મહેંદી રસમ યોજાઈ હતી... ઘરઆંગણે યોજાતા લગ્નપ્રસંગના જેટલા હોંશ અને હરખ સાથે મહેંદી ગીતો ગવાયા... પારિવારિક માહોલમાં જે વિધિ-વ્યવહાર થાય છે તે તમામ સમુહ લગ્નોત્સવના પ્રસંગે પણ થયા... એ અભિનંદનીય છે અને પ્રોત્સાહક પણ છે... બદલાતા સમયમાં સમુહલગ્ન એ સામાજીક ક્રાંતિનું પ્રથમ પગથિયું બની રહ્યું છે... ત્યારે આ પ્રકારના પારિવારીક માહોલ નિર્માણ કરવા માટે બ્રહ્મસમાજે પણ પ્રસંશનીય પહેલ કરી છે... લગ્ન પ્રસંગે યોજાતી સંગીત સંધ્યાની હોંશ પણ સમાજે પૂરી કરી હતી.... લોકપ્રિય કલાકારો દ્વારા લગ્નગીતોની મહેફીલ જમાવી સમગ્ર માહોલને ઉત્સાહથી ભરી દીધો હતો.....

# રાજ્યના ખેડુતો માટે ૩૭૯૫ કરોડનું પેકેજ

## સરકારના સહાય પેકેજથી ૫૬.૩૬ લાખ ખેડુતોને સીધો લાભ મળશે : એક ઈંચથી વધુ વરસાદ પડ્યો હોય તેવા ગામના ખેડૂતોને હેક્ટર દીઠ રૂપિયા ૬૮૦૦ અને બાકીના ખેડુતોને હેક્ટર દીઠ ૪૦૦૦ની મદદની જાહેરાત થઈ

ગુજરાત સરકારે આજે વરસાદથી અસરગ્રસ્ત ખેડુતો માટે વધારાના સહાય પેકેજની મોટી જાહેરાત કરી હતી. આના કારણે મોટી સંખ્યામાં ખેડુતોને સીધો ફાયદો થશે. ઓક્ટોબર અને નવેમ્બર મહિનામાં થયેલા કમોસમી વરસાદથી રાજયના ખેડુતોના પાકને ભારે નુકસાન થયું હતું. આને ધ્યાનમાં લઈને રાજ્ય સરકારે આજે સહાય પેકેજની જાહેરાત કરી હતી. ખેડુતો માટે ૩૭૯૫ કરોડના સહાય પેકેજની રાજ્યના નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે જાહેરાત કરી હતી. રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે રાજયના અસરગ્રસ્ત ખેડૂતો માટે રૂ.૩,૭૯૫ કરોડના સહાય પેકેજની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, તા.૨૦ તારીખ સુધીમાં થયેલા નુકસાનને આવરીને આ પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં રાજયના તમામ જિલ્લાને આવરી લેવામાં આવ્યા છે.



રાજયના તમામ ૧૮ હજાર ગામડાઓને ૫૬.૩૬ લાખ ખેડૂતોને આ સહાયનો લાભ મળશે. જેમાં એક ઈંચથી વધુ વરસાદ પડ્યો હોય તેવા ગામના ખેડૂતોને હેક્ટર દીઠ રૂ. ૬૮૦૦, બાકીના ખેડૂતોને હેક્ટર દીઠ રૂ. ૪૦૦૦ની સહાય ચૂકવવામાં આવશે. તમામ ખેડૂત ખાતેદારોને મહત્તમ બે હેક્ટર સુધીનું વળતર ચૂકવાશે, આ સહાય રકમ પાકવીમા ઉપરાંતની રહેશે. સૌથી મહત્વની વાત એ છે કે, જો ખેડૂતને નુકસાન નહી થયુ હોય તો પણ તેને પેકેજની સહાયનું વળતર ચૂકવવામાં આવશે. આ સહાય પકેજમાં જે ખેડૂતોને નુકસાન નથી થયું તેમનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. એટલે કે વરસાદથી નુકસાન નથી થયું તેવા ૮૧ તાલુકાઓમાં પણ સરકારી સહાય ચૂકવવામાં આવશે. નાયબ મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, પાક વીમા ઉપરાંત સરકારી સહાયનો લાભ મળશે. જેનો ફાયદો રાજયના ૨૪૮ તાલુકાઓને મળશે. રાજ્ય સરકારે જાહેર કરેલા રૂ.૩,૭૯૫ કરોડના સહાય પેકેજમાં રૂ.૨,૧૫૪ કરોડ કેન્દ્ર અને રૂ.૧,૬૪૩ કરોડ રાજય સરકાર ચૂકવશે. હેક્ટર દીઠ ચાર હજારની સહાય કરાશે. આ માટે ઓનલાઈન અરજી પણ સ્વીકારવા અંગે અને સહાયની રકમ ખેડૂતોને સીધી તેમના બેંક ખાતામાં કઈ રીતે મળી જાય તે માટેની વ્યવસ્થા સરકાર ગોઠવી રહી છે, જેની પાછળથી જાણ કરાશે. ગુજરાત રાજયમાં આ વર્ષે લાંબા સમય સુધી સમગ્ર રાજયમાં છેલ્લા દાયકાઓમાં ન થયો હોય તેવો વરસાદ થયેલ છે. આ વરસાદને કારણે રાજયમાં ઘણા વિસ્તારોમાં ખેતીને ફાયદો પણ થયો છે અને કેટલાક વિસ્તારોમાં પાકને નુકસાન પણ થયું છે. આ અંગે ધારાસભ્યઓ, ખેડૂત આગેવાનો વગેરે ધ્વારા જ્યાં જ્યાં ખેતીને નુકસાન થયું હોય ત્યાં ખેડૂતોને સહાય આપવા મુખ્યમંત્રી વિજય રૂપાણી અને કૃષિ મંત્રી આરસી ફળદુ સમક્ષ રજૂઆતો કરવામાં આવેલ. રાજ્ય સરકાર પણ આ પરિસ્થિતીથી સંપૂર્ણ વાકેફ હોઈ મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, કૃષિ મંત્રી, મહેસૂલ મંત્રી, શિક્ષણ મંત્રી, ઉર્જામંત્રી કક્ષાએ વિગતવાર ચર્ચા પરામર્શ કરવામાં આવેલ.

● અનુસંધાન પાના - ૭ પર

### કુલ ૧૮૩૬૯ ગામડાના ખેડુતોને સીધો ફાયદો : તમામ તાલુકાના ખેડુતોને લાભ

ગાંધીનગર,તા. ૨૩

ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં આ વખતે કમોસમી વરસાદના કારણે ખેડુતોના પાકને ભારે નુકસાન થયું છે. રાજયના ૮૧ તાલુકાઓના ૫૮૧૪ જેટલા ગામોમાં છુટો છવાયો કમોસમી વરસાદ થયો છે પરંતુ સરકારે ઉદારનિતી અપનાવી ૮૧ તાલુકાના અંદાજે ૧૭.૧૦ લાખ ખેડુત ખાતેદારોને ખાતાદીઠ ચાર હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી છે. જેના ભાગરૂપે ૬૮૪ કરોડ રૂપિયાની સહાયતા આપવામાં આવનાર છે. એકદરે ૨૪૮ ગ્રામ્ય તાલુકાઓના અંદાજે ૧૮૩૬૯ ગામના ખેડુતોને માતબર પેકેજ મારફતે સહાયતા મળશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com